# || શ્રીમદ્‌ભગવદ્ગીતા શુધ્ધ ઉચ્ચાર માર્ગદર્શિકા - સ્તર 2 ||

## મૂળાક્ષરો અને તેમના ઉચ્ચાર-

- સંસ્કૃત ભાષામાં, અક્ષરના ઉચ્ચારનું સ્થાન ખૂબ જ વિચારપૂર્વક નક્કી કરવામાં આવ્યું છે. કોઈપણ અક્ષરના ઉચ્ચાર માટે મોઢાં ના વિશિષ્ટ સ્થાનોનો ઉપયોગ થાય છે. દા.ત. કંઠ, તાળવું, મૂર્ધા વગેરે. જે સ્થાને થી અક્ષર ઉચ્ચારવામાં આવે છે એ સ્થાનના નામથી તે અક્ષર ને ઓળખવામાં આવે છે, જેમ કે, 'ક' વર્ગના દરેક અક્ષરો કંઠથી ઉચ્ચારવામાં આવે છે તેથી "કંઠ્ય" કહેવામાં આવશે. આ અક્ષરો અને તેમના સ્થાનો નીચેની આકૃતિમાં આપવામાં આવ્યા છે.
- 'સ્', 'શ્' અને 'ષ્' આ અનુક્રમે 'દન્ત્ય', 'તાલવ્ય' અને 'મૂર્ધન્ય' અક્ષરો છે. તેમનો ઉચ્ચાર તેમના સમાનવર્ગના અક્ષરોની જેમ જ કરવામાં આવે છે.

**# ધ્યાન રાખો કે જે અક્ષર નું જે સ્થાન છે એ સ્થાન પર થી જ એનો ઉચ્ચાર કરવો યોગ્ય છે**

- **અકુહવિસર્જનીયાનાં કણ્ઠઃ**
  **કણ્ઠ – અ, આ, ક્ વર્ગ, હ્, વિસર્ગ(ઃ)**
- **ઇચુયશાનાં તાલુ**
  **તાલુ – ઇ, ઈ, ચ્ વર્ગ, ય્, શ્**
- **ઋટુરષાણાં મૂર્ધા**
  **મૂર્ધા – ઋ, ૠ, ટ્ વર્ગ, ર્, ષ્**
- **ૡતુલસાનાં દન્તાઃ**
  **દન્ત – ૡ, ત્ વર્ગ, લ્, સ્**
- **ઉપૂપધ્માનીયાનામોષ્ઠૌ**
  **ઓષ્ઠ – ઉ, ઊ, પ્ વર્ગ, ઉપુપધ્માનીય પ, ફ**
- **એદૈતોઃ કણ્ઠતાલુ**
  **કણ્ઠ-તાલુ – એ, ઐ**
- **ઓદૌતોઃ કણ્ઠોષ્ઠમ્**
  **કણ્ઠ-ઓષ્ઠ – ઓ, ઔ**
- **ઞમઙણનાનાં નાસિકા ચ**
  **મુખ-નાસિકા – ઙ્, ઞ્, ણ્, ન્, મ્**
- **વકારસ્ય દન્તોષ્ઠમ્**
  **દન્ત-ઓષ્ઠ – વ્**
- **જિહ્વામૂલીયસ્ય જિહ્વામૂલમ્**
  **જિહ્વામૂલ – જિહ્વામૂલીય ક, ખ**
- **નાસિકાઽનુસ્વારસ્ય**
  **નાસિકા – અનુસ્વાર (ં)**





ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કરવા માટે પૂર્વ પરવાનગી જરૂરી છે.
પરવાનગીના પૂર્ણ પ્રયોજન વિષે અમારો સંપર્ક કરો: consent@learngeeta.com

## અવગ્રહ -

- અવગ્રહ 'ऽ' એ માત્ર એક નિશાની છે જે 'અકાર (અ)' નો લોપ  દર્શાવે છે. તેનો કોઈ સ્વતંત્ર ઉચ્ચાર નથી. અવગ્રહ હંમેશા 'એ', 'ઓ' અથવા 'આ'  સ્વર પછી જ આવે છે.

## શ્રીમદ્ભગવદ્ગીતામાં વપરાયેલ છન્દ -

- સંસ્કૃતમાં છંદો ના ઘણા પ્રકાર છે, પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં ફક્ત બે પ્રકારનાં 1) અનુષ્ટુપ્ 2) ત્રિષ્ટુપ્ છંદો નો જ ઉપયોગ થયો છે. અનુષ્ટુપ્ છંદ માં ચાર ચરણ હોય છે દરેક ચરણમાં 8 અક્ષર, એમ કુલ 32 અક્ષર હોય છે  . ત્રિષ્ટુપ્ છંદ માં કુલ 44 અક્ષરો હોય છે જેમાં, પ્રત્યેક ચરણમાં 11 અક્ષરો હોય છે. દરેક ચરણમાં આ 8 અને 11 અક્ષરો પછી, અટકવા ને જ છંદઃશાસ્ત્રમાં 'યતિ' કહેવામાં આવે છે.

  **નોંધ: સંપૂર્ણ ગીતામાં પાંચ જગ્યા એ અપવાદરૂપે  (11/1, 2/6, 2/29, 8/10, 15/3) અમુક ચરણમાં નિયમિત અક્ષરો કરતાં એક અક્ષર ઓછો કે વધુ આવે છે.**

# હલ્ સકાર (સ્) થી શરૂ થતા શબ્દો માટે ઉચ્ચારવિષયક નિયમો

- જો કોઈ શબ્દ હલન્ત 'સ્' (સ્વર વિના) થી શરૂ થતો હોય, તો તે પહેલાં કોઈ સ્વર નો  ઉચ્ચાર ન કરવો. જેમ કે, "સ્થાન" ને બદલે, લોકો "ઇસ્થાન" કહે છે, જે યોગ્ય નથી.

# આઘાતના નિયમનો વિસ્તાર

- 'દ્' અને 'ય્' નો સંયોગ 'ઘ' તથા  'દ્', 'ધ્' અને 'ય્' નો સંયોગ ' દ્ધ્ય ' છે. પેહલા સંયુક્ત અક્ષર માં  બે વ્યંજન છે  જયારે  બીજા સંયુક્ત અક્ષર માં ત્રણ વ્યંજન છે. બંને સંયોગ ને આઘાતના નિયમ અનુસાર ઉચ્ચારવામાં આવશે.
- આઘાતના નિયમ મુજબ આપણે સંયુક્ત અક્ષર (જોડાક્ષર)   ના પ્રથમ અક્ષર ને દ્વિત્વ (ડબલ)કરી ને વાંચીએ  છીએ. આમાં દ્વિત્વ કર્યા પછી જો તે વર્ગનો બીજો અક્ષર હોય તો દ્વિત્વ કરેલ અક્ષર માંથી પહેલો અક્ષર તેના વર્ગના પ્રથમ અક્ષરમાં પરિવર્તિત થાય છે અને જો તે ચોથો હોય તો તે ત્રીજામાં પરિવર્તિત થાય છે. જો સંયુક્ત અક્ષરનો પ્રથમ અક્ષર પોતાના વર્ગનો પ્રથમ  અથવા તૃતિય અક્ષર છે તો તે તેમ જ રહેશે. તેના તે જ અક્ષર ડબલ થશે.

  - અક્ષર = અ ક્ ષર>અ ક્ ક્ ષર = અક્ક્ષર
  - વ્યાખ્યા = વ્યા ખ્ યા > વ્યા ખ્ ખ્ યા > વ્યા ક્ ખ્ યા = વ્યાક્ખ્યા
  - વિદ્ધિ = વિ દ્ ધિ > વિ દ્ દ્ ધિ = વિદ્દ્ધિ
  - યુધ્યતિ = યુ ધ્ યતિ > યુ ધ્ ધ્ યતિ > યુ દ્ ધ્ યતિ = યુદ્ધ્યતિ

- અપવાદ રૂપે કેટલીક જગ્યાએ સ્વર પછી સંયુક્ત અક્ષર હોવા છતાં પણ આઘાત આપવામાં આવતો નથી જેમ કે  એક જ અક્ષર બે વાર આવે, અથવા સયુંકત અક્ષર ત્રણ વ્યંજન વડે બનેલો હોય, અથવા પ્રથમ અક્ષર ઉપર રેફ (ઉપર ર્) કે હકાર હોય. જે સ્થાન પર આઘાતનું ચિહ્ન નથી, ત્યાં આઘાત દીધા વગર અભ્યાસ કરવો.

  **# સંયુક્ત અક્ષર માં પહેલો અક્ષર  જો વર્ગની શરૂઆતના ચાર અક્ષર સિવાય નો હોય તો સંયુક્ત અક્ષરના પહેલા અક્ષર નું જ દ્વિત્વ  થાય છે**


*ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કરવા માટે પૂર્વ પરવાનગી જરૂરી છે.*
*પરવાનગીના પૂર્ણ પ્રયોજન વિષે અમારો સંપર્ક કરો: consent@learngeeta.com*

# સન્ધિ નિયમ

જયારે બે અક્ષરો એક સાથે આવે ત્યારે સન્ધિ થાય છે. એક સાથે આવતા અક્ષરો જો સ્વર હોય, તો તે સ્વરસન્ધિ, જો કોઇ એક વ્યંજન હોય તો વ્યંજન સન્ધિ, અનુસ્વારના સ્થાન પર જો પરિવર્તન આવે તો અનુસ્વાર સન્ધિ અને વિસર્ગના સ્થાન પર જો પરિવર્તન આવે તો વિસર્ગ સન્ધિ કહેવાય છે. જ્યારે સંધિ થાય છે, એક સાથે જોડાતા વર્ણો માં ક્યારેક એક તો ક્યારેક બન્ને વર્ણો માં પરિવર્તન થાય છે. આ પરિવર્તન શું છે અને તે કેવી રીતે થાય છે તે નિયમો માં જાણીશું.

## વિસર્ગ સન્ધિ

વિસર્ગ સન્ધિ વિસર્ગની પેહલા અને પછી ના અક્ષરો પર આધારિત છે, વિસર્ગમાં જેટલા પણ પરિવર્તન થાય છે, એમાં પહેલાનાં અને પછીનાં અક્ષરોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

1. જો વિસર્ગના પહેલા **'અ'** હોય અને તે પછીનો અક્ષર **'અ'** અથવા કોઈપણ **મૃદુ અક્ષર** (ગ,ઘ,જ,ઝ,ડ,ઢ,દ,ધ,બ,ભ,ય,ર,લ,વ, હ બધા અનુનાસિક) હોય, તો વિસર્ગ અને તેના પહેલા ના અક્ષરમાં પરિવર્તન થઇ **'ઓ'** બને છે.

   **# નોંધ: વિસર્ગનો અનુગામી અક્ષર 'અ' છે, તો વિસર્ગ અને તેના પુરોગામી અકાર નો 'ઓકાર' કર્યા પછી એ અનુગામી અકાર નું, 'અવગ્રહ' (ઽ) માં પરિવર્તન થાય છે. એટલે કે 'અ' લુપ્ત (અદૃશ્ય) થઈ જાય છે અને તેના સ્થાને અવગ્રહ આવે છે.**

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| અ | : | અ/મૃદુઅક્ષર | ઓ /ઓઽ | **દર્પઃ + અભિમાનશ્ચ = દર્પોઽભિમાનશ્ચ (16/4)**<br>**ચેત્સુદુરાચારઃ + ભજતે = ચેત્સુદુરાચારો ભજતે (9/30)** |

2. જો વિસર્ગ ની પેહલા **'અ'** સ્વર હોય અને પછી **અ સિવાય** કોઈ પણ સ્વર હોય તો એ **વિસર્ગનો લોપ થાય છે**

   **# ધ્યાન રાખો કે આ નિયમ અવ્યયોં ના સંબંધમાં કામ કરતો નથી. આ માટે 5 મો નિયમ જુઓ.**

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| અ | : | 'અ' સિવાયનો સ્વર | લોપ/અદૃશ્ય | **મનઃ + આધત્સ્વ = મન આધત્સ્વ (12/8)** |

3. જો વિસર્ગ ની પેહલા **' આ '** સ્વર હોય અને પછી **કોઈ પણ સ્વર** અથવા **મૃદુ વ્યંજન** હોય તો વિસર્ગનો લોપ કરવામાં આવે છે. (કેટલીક વખત, આ નિયમ દ્વારા કરવામાં આવેલ વિસર્ગનો લોપ જો યતિ ના જગ્યાએ આવે તો એને ઉચ્ચારવામાં આવે છે.)

   **# ધ્યાન રાખો કે ઉપર જણાવેલ બન્ને નિયમોને લીધે વિસર્ગ ના લોપ પછી શેષ રહેતા સ્વરો માં કોઇ પણ સ્વર સન્ધિ નથી થતી.**

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| આ | : | કોઈ પણ મૃદુસ્વર/મૃદુવ્યંજન | લોપ/અદૃશ્ય | **માયયાપહૃતજ્ઞાનાઃ + આસુરમ્ = માયયાપહૃતજ્ઞાના આસુરમ્ (7/15)** |


*ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કરવા માટે પૂર્વ પરવાનગી જરૂરી છે.*
*પરવાનગીના પૂર્ણ પ્રયોજન વિષે અમારો સંપર્ક કરો: consent@learngeeta.com*

4. જો વિસર્ગની પેહલા **'અ '** અને **'આ' સિવાયનો સ્વર** હોય અને પછી **કોઈપણ સ્વર** અથવા કોઇ **મૃદુવ્યંજન** આવે તો વિસર્ગ **'ર્'** માં રૂપાંતરિત થાય છે. આ રીતે, આવેલ વિસર્ગ તેના અનુગામી સ્વર માં મળી જાય છે અને જો ત્યાં વ્યંજન હોય તો તે વ્યંજનની ઉપર રેફની માત્રા બતાવવામાં આવે છે.

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| 'અ'/'આ' સિવાયનો સ્વર | : | કોઇ પણ મૃદુસ્વર/મૃદુવ્યંજન | ર્ | **દુઃ + નિરીક્ષયમ્ = દુર્નિરીક્ષયમ્ (11/17)** |

5. **અવ્યય** સ્થિત વિસર્ગમાં , વિસર્ગની પેહલા **કોઇ પણ સ્વર** હોય અને તેના પછી **કોઇ સ્વર** કે **રેફ સિવાય**ના **મૃદુ અક્ષર** આવે, તો વિસર્ગનો **'ર્'** જ બને છે.

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| કોઇ પણ સ્વર | : | કોઇ પણ સ્વર/મૃદુવ્યંજન | ર્ | **પુનઃ + જન્મ = પુનર્જન્મ (8/16)** |

6. વિસર્ગ પહેલા **કોઈપણ સ્વર** અને તેના પછી **'ચ્'** અથવા **'છ્'** અક્ષર આવે છે, તો વિસર્ગ **'શ્'** માં પરિવર્તિત થાય છે. **'ટ્'** અથવા **'ઠ્'** આવે તો **'ષ્'** માં અને **'ત્'** અથવા **'થ્'** આવે તો, **'સ્'** માં પરિવર્તિત થાય છે.

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| કોઇ પણ સ્વર | : | ચ્/છ્ | શ્ | **યોગિનઃ+ચૈનમ્= યોગિનશ્ચૈનમ્ (15/11)** |
| | | ટ્/ઠ્ | ષ્ | **ધનુઃ+ટઙ્કાર= ધનુષ્ટઙ્કાર** |
| | | ત્/થ્ | સ્ | **હન્યુઃ+તન્મે= હન્યુસ્તન્મે (1/46)** |

7. જો વિસર્ગના પછી 'ક્' અથવા 'ખ્' આવે, તો તે વિસર્ગ નો ઉચ્ચાર થોડો 'ખ્' જેવો કરવો.

**# ધ્યાન રાખો કે ઉચ્ચાર 'ખ્' જેવો થવો જોઇએ, 'ખ્' નહીં.**

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| કોઇ પણ સ્વર | : | ક્ / ખ્ | ખ્ અવાજ | મૈત્રઃ+કરુણ=મૈત્રઃ(ખ્) કરુણ (12/13) |

8. જો વિસર્ગ ના પછી 'પ્' અથવા 'ફ્' આવે, તો તે વિસર્ગ નો ઉચ્ચાર થોડો 'ફ્' જેવો કરવો

**# ધ્યાન રાખો કે ઉચ્ચાર 'ફ્' જેવો થવો જોઇએ, 'ફ્' નહીં.**

| પૂર્વઅક્ષર | વિસર્ગ | ઉત્તરઅક્ષર | વિસર્ગ નો પરિવર્તિત રૂપ | દાખલા તરીકે |
|---|---|---|---|---|
| કોઇ પણ સ્વર | : | પ્ / ફ્ | ફ્ અવાજ | તતઃ+પદમ્= તતઃ**(ફ્)**પદમ્ (15/4) |

|| ઇતિ ||


*ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કરવા માટે પૂર્વ પરવાનગી જરૂરી છે.*
*પરવાનગીના પૂર્ણ પ્રયોજન વિષે અમારો સંપર્ક કરો: consent@learngeeta.com*